અપીલ અરજી નં.૨૧૨ તા.૮–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સમીરભાઈ જેરામભાઈ બોઘરા
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સમીરભાઈ જેરામભાઈ બોઘરાની તા.૨૪–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) 'લગ્ન નોંધણી યાદીમાં જો જન્મ નોંધણીનું પ્રમાણપત્ર ન હોય તો અથવા માં ઠરાવેલ નમુનાનું સોગંદનામાની ખરી નકલ રજુ કરવી" તે સોગંદનામાનો નમુનો આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૮–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૧૨/૨૦૧૧–૧૨

શ્રી સમીરભાઈ જેરામભાઈ બોઘરાની તા.૨૪–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) "લગ્ન નોંધણી યાદીમાં જો જન્મ નોંધણીનું પ્રમાણપત્ર ન હોય તો અથવામાં ઠરાવેલ નમુનાનું સોગંદનામાની ખરી નકલ રજુ કરવું " તે સોગંદનામાનો નમુનો આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં. ઈઝેડ/ આરટીઆઈ/ ૨૩૬ તા.૧૫–૦૭–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **લગ્ન નોંધણી – જન્મ નોંધણીના નિયમો અન્વયે આ બાબતેની ચોકકસ જોગવાઈ સહ અપીલના મુદ્દા અંગે પક્ષ રજુ કરવા તથા પુર્તતા માટે નકલ સહ** રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૫૨ તા.૧૬–૮–૧૧ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તેમની મુળ અરજીથી માંગેલ માહિતી , ફી ભર્યાની વિગત તથા માંગેલ માહિતી સામે નારાજગીની વિગત જણાવેલ ન હોઈ તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/૨૩૬ તા.૨૯–૮–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૩૬ તા.૧૫–૭–૧૧ ના પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ તથા ફી ભર્યાની વિગત અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૨૪–૬–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબતે હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૩૬ તા.૧૫–૭–૧૧ થી " લગ્ન નોંધણી યાદી ફોર્મમાં જણાવ્યા મુજબનું ઠરાવેલ નમુના મુજબનું સોંગદનામું વરાછાઝોનને કચેરીએ ઉપલબ્ધ નથી" તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૫–૭–૧૧ ના મળેલ પત્રથી નારાજ થઈ તા.૮–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અપીલ તબકકે બંને પક્ષકારોને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૬૫૨ તા. ૧૬–૮–૧૧ થી પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારીએ તા.૨૯–૮–૧૧ ના રોજ પૂરી પાડેલ પૂરક વિગતોમાં અરજદારને ટપાલથી તા.૧૫–૭–૧૧ થી મોકલવામાં આવેલ છે તથા રૂબરૂમાં નકલો આપેલ છે તેવું જણાવેલ છે. પરંતુ તા.૧૫–૭–૧૧ થી ટપાલથી મોકલાયેલ પત્ર માહિતી પૂરી પાડયા અંગેનો છે તેથી અરજદારને સોંગદનામું રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોવાનો પ્રત્યુત્તર પાઠવેલ છે આથી અરજદારને સોંગદનામાની નકલ પૂરી પાડેલ નથી તેવું અનુમાનિત થાય. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી લગ્ન નોંધણી પ્રમાણપત્ર ન હોય તો ઠરાવેલું સોંગદનામુ રજૂ કરવાનું જણાવવામાં આવતું હોય તો તેઓ પાસે સોંગદનામાની વિગતો હોવી જરૂર છે. વધુમાં ઝોન કચેરી ખોતથી લગ્ન નોંધણી દાખલાઓ માટે આવા સોંગદનામા રજૂ થતા હોય તેમજ લગ્ન નોંધણી એકટ મુજબ પણ સોંગદનામા માટે વિગતો મુજબનું સોંગદનામું જણાવેલ હોવાનું અનુમાનિત છે. તેવી વિગતો અરજદારને પૂરી પાડવાની રહે.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ હોઈ દફરી ઉપલબ્ધ રજૂ થયેલ તે કાયદા મુજબના સોંગદનામાની નકલ કે તેવી વિગતો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી સમીરભાઈ જેરામભાઈ બોઘરા